# GUJARAT BILL NO. 6 OF 2022.

# THE GUJARAT PUBLIC SAFETY (MEASURES) ENFORCEMENT BILL, 2022

*A BILL*

*to provide for the Public Safety Measures at the Establishments in the State of Gujarat.*

**સન ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૬.**

## ગુજરાત જાહેર સલામતી (પગલાં) અમલીકરણ વિધેયક, ૨૦૨૨

ગુજરાત રાજ્યમાંની સંસ્થાઓમાં જાહેર સલામતીના પગલાં લેવા માટે જોગવાઇ કરવા બાબત વિધેયક.

ગુજરાત રાજ્યમાંની સંસ્થાઓમાં જાહેર સલામતીના પગલાં લેવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે જોગવાઇ કરવાનું ઇષ્ટ છે.

આથી, ભારતના ગણરાજ્યના તોત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત જાહેર સલામતી (પગલાં) અમલીકરણ અધિનિયમ, ૨૦૨૨ કહેવાશે. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

(૨) તે, સરકાર દ્વારા, રાજપત્રમાં, વખતોવખત મુકરર અને જાહેર કરવામાં આવે તેવા વિસ્તારોને લાગુ પડે છે.

(૩) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખ અથવા તારીખોથી ઉપરની પેટા-કલમ (૨) હેઠળ જાહેર કરવામાં આવે તેવા વિસ્તારોમાં અમલમાં આવશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો- વ્યાખ્યા.

(ક) "ડિસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટ (જિલ્લા મેજિસ્ટ્રેટ)"માં, એડિશનલ (અધિક) ડિસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટનો સમાવેશ થશે;

(ખ) "સરકાર" એટલે ગુજરાત રાજ્યની સરકાર;

(ગ) “જાહેરનામું” એટલે સરકારે રાજપત્રમાં પ્રસિદ્ધ કરેલ જાહેરનામું અને “જાહેર કરેલ” એ શબ્દનો અર્થ તદનુસાર થશે;

(ઘ) “ઠરાવેલું” એટલે આ અધિનિયમ હેઠળના નિયમોથી ઠરાવેલું;

(ચ) “જાહેર સલામતી પગલાં” એટલે સંસ્થાઓના પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળોએ અને તેના મુકરર પાર્કિંગ વિસ્તારો ખાતે, ઠરાવવામાં આવે તેવી વિગતવર્ણનો મુજબ,-

(૧) ભૌતિક (પ્રત્યક્ષ) અથવા ટેકનિકલ સાધનો અથવા તે બન્નેથી પ્રવેશ નિયંત્રણ;
(૨) ત્રીસ દિવસ સુધી વિડિયો ફૂટેજ સંઘરવા માટેની વ્યવસ્થા સાથેની કલોઝ્ડ સર્કિટ ટેલિવિઝન (CCTV) કેમેરા સિસ્ટમ્સ;
(૩) ટેકનિકલ સાધનો (ઇક્વિપમેન્ટ),

ઈન્સ્ટોલ કરીને કરવામાં આવતું પ્રવેશ નિયંત્રણ અથવા કલોઝ્ડ સર્કિટ ટેલિવિઝન (CCTV) કેમેરા સિસ્ટમ્સ.

(છ) “જાહેર સલામતી સમિતિ” એટલે કલમ ૪ની પેટા-કલમ (૧) હેઠળ રાજ્ય સરકારે રચેલી સમિતિ.

જાહેર સલામતીના પગલાં લેવા માટેની જોગવાઇ કરવાની જવાબદારી.

૩. (૧) સરકાર, જાહેરનામાથી, જાહેર કરે, તેટલી સંખ્યામાં લોકો મુલાકાત લેતા હોય અથવા દરરોજ તેટલી સંખ્યામાં સરેરાશ લોકોની અવરજવર (ફૂટફોલ) થતી હોય અથવા એક જ સમયે તેટલી સંખ્યામાં લોકો ભેગા થવાની સંભાવના હોય તેવી સંસ્થા ચલાવતા દરેક માલિક અથવા મેનેજર અથવા વ્યક્તિઓએ, આવી સંસ્થાઓની મુલાકાત લેતાં લોકોની સલામતી અને સુરક્ષા માટે જાહેર સલામતીના પગલાં લેવા માટેની જોગવાઇ કરવી અને નિભાવવી જોઇશે.

(૨) આવી સંસ્થા ચલાવતાં દરેક માલિક અથવા મેનેજર અથવા વ્યક્તિઓએ ત્રીસ દિવસની મુદત સુધીના વિડીયો ફુટેજ યોગ્ય રીતે સેવ (સાચવવા) અને સ્ટોર કરવા (સંઘરવા) જોઈશે અને સરકાર જાહેર કરે તેવા સત્તાધિકારી ફરમાવે તે મુજબ અને ત્યારે તેને પૂરા પાડવાં જોઈશે.

જાહેર સલામતી સમિતિની રચના અને કાર્યો.

૪. (૧) રાજ્ય સરકારે, આ અધિનિયમના હેતુઓ માટે, એક અથવા તેથી વધુ વિસ્તારો માટે જાહેર સલામતી સમિતિની રચના કરવી જોઇશે.

(૨) જાહેર સલામતી સમિતિ, ઠરાવવામાં આવે એવા હોદ્દા ધરાવતાં તેટલી સંખ્યાના પ્રતિનિધિઓ અને તેવી બીજી વ્યક્તિઓની બનશે.

(૩) જાહેર સલામતી સમિતિએ, અધિનિયમ હેઠળ સંસ્થાઓ મુકરર કરવી જોઇશે, સંસ્થાઓના રેકર્ડ નિભાવવા જોઇશે અને તે, જોખમના મૂલ્યાંકન માટે સંસ્થાઓની મુલાકાત લઇ શકશે,

સંસ્થાઓને જાહેર સલામતીના પગલાં સંબંધી સૂચના આપી શકશે અને ઠરાવવામાં આવે તેવા બીજા કાર્યો કરી શકશે.

(૪) જાહેર સલામતી સમિતિ, જાહેર સલામતીના પગલાંના અસરકારક અમલીકરણમાં જાહેર સલામતી સમિતિને મદદ કરવા માટે તેની હેઠળ તેટલી સંખ્યામાં જાહેર સલામતી પેટા-સમિતિઓની રચના કરી શકશે.

(૫) જાહેર સલામતી સમિતિએ, લેખિતમાં, સુનિશ્ચિત કરીને ભલામણ કરેલ હોય તે પ્રમાણે, છ મહિનાની અંદર તેવા જાહેર સલામતીના પગલાં લેવાનું સંસ્થાઓ માટે ફરજિયાત રહેશે.

જગ્યા (ઇમારતો)ની તપાસ કરવાની જાહેર સલામતી સમિતિ અથવા જાહેર સલામતી પેટા-સમિતિની સત્તા.

૫. (૧) સંબંધિત વિસ્તારની જાહેર સલામતી સમિતિ અથવા જાહેર સલામતી પેટા-સમિતિએ યોગ્ય રીતે અધિકૃત કરેલા સરકારના કોઇ અધિકારી, ઓછામાં ઓછી બે દિવસની નોટિસ આપ્યા પછી અને દિવસના વાજબી કલાકો દરમિયાન, ઈન્સ્ટોલેશન (સંસ્થાપન)ની તપાસ માટે કોઈ સંસ્થાની કોઇપણ જગ્યા (ઇમારતો)માં પ્રવેશ કરી શકશે અને કોઈ કસૂર અથવા ઉલ્લંઘન થયાના કિસ્સામાં, જાહેર સલામતી સમિતિને અહેવાલ (રિપોર્ટ) રજૂ કરી શકશે. જાહેર સલામતી સમિતિ, સંસ્થાને લેખિતમાં જરૂરી સૂચનાઓ આપી શકશે અને એક મહિનાની મુદતની અંદર તેનું પાલન કરવાનું રહેશે.

(૨) તપાસ અહેવાલનું પાલન કરવામાં કોઇ સંસ્થા નિષ્ફળ થાય તેવા કિસ્સામાં, જાહેર સલામતી સમિતિ, તેવી સંસ્થા ચલાવતા માલિક અથવા મેનેજર અથવા વ્યક્તિઓ પાસેથી દંડ લઇ શકશે-

(૧) કસૂરના પ્રથમ મહિના માટે – રૂ. ૧૦,૦૦૦

(૨) કસૂર પછીના મહિનાઓ માટે– રૂ. ૨૫,૦૦૦ દર મહિને.

અપીલ.

૬. (૧) કલમ ૪-ની પેટા-કલમ (૩) હેઠળ જાહેર સલામતી સમિતિની ભલામણથી અથવા કલમ ૫-ની પેટા-કલમ (૨) હેઠળ દંડ નાખતા જાહેર સલામતી સમિતિના હુકમથી નારાજ થયેલ કોઇ વ્યક્તિ અથવા સંસ્થા, સંબંધિત હુકમની તારીખથી ત્રીસ દિવસની અંદર જિલ્લા મેજિસ્ટ્રેટને અપીલ કરી શકશે.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ, અપીલ કરનારને સુનાવણીની તક આપ્યા પછી, પોતાને યોગ્ય જણાય તેવો હુકમ કરી શકશે.

(૩) સંસ્થાએ જિલ્લા મેજિસ્ટ્રેટના હુકમોનું પાલન કરવું જોઇશે અને તેવા હુકમો બહાર પડ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર દંડ ચૂકવવો જોઇશે.

(૪) દંડની ચૂકવણીમાં કોઇ સંસ્થા ચૂક કરે તેવા કિસ્સામાં, તે (દંડની રકમ) જમીન મહેસૂલની બાકી રકમ તરીકે વસૂલ કરવી જોઇશે.

અપવાદ. **૭.** આ અધિનિયમની જોગવાઈઓ, તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ પણ કાયદાની જોગવાઈઓ ઉપરાંતની રહેશે અને તેનાથી તેનું અલ્પીકરણ થશે નહિ.

શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ. **૮.** આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમો હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્યના સંબંધમાં, જાહેર સલામતી સમિતિ અથવા જાહેર સલામતી પેટા-સમિતિના સભ્યો અથવા તેવી સમિતિના કોઈ સભ્ય અથવા જિલ્લા મેજિસ્ટ્રેટ સામે કોઈ દાવો અથવા કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

નિયમો કરવાની સત્તા. **૯.** (૧) રાજય સરકાર, જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમો, નિયમોથી ઠરાવવા માટે અધિનિયમથી સ્પષ્ટ રીતે ફરમાવવામાં આવ્યું હોય અથવા છૂટ આપવામાં આવી હોય તેવી તમામ અથવા તે પૈકીની કોઈ બાબતો માટેની જોગવાઈ કરવા માટે કરી શકાશે.

(3) આ કલમ હેઠળ કરવામાં આવેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં તે નિયમો એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર અથવા તેની તરત પછીના સત્રમાં રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા રાજ્ય વિધાનમંડળ તેમાં જે કોઈ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૪) રાજ્ય વિધાનમંડળ એવી રીતે જે કંઈ રદ કરે અથવા તેમાં જે કંઈ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયેથી તે અમલમાં આવશે.

મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા. **૧૦.** (૧) આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઊભી થાય, તો રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે પોતાને જરૂરી અથવા ઈષ્ટ જણાય તેવી, આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરી શકશે:

પરંતુ આ અધિનિયમના આરંભથી ત્રણ વર્ષ પૂરા થયા પછી, આ કલમ હેઠળ આવો કોઈ હુકમ કરી શકાશે નહિ.

(૨) આ કલમ હેઠળ કરવામાં આવેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઈશે.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત, ઝડપી ઔદ્યોગિકરણ, શહેરીકરણ અને ધંધાકીય પ્રવૃત્તિઓના વિસ્તરણનું સાક્ષી રહ્યું છે. વાણિજ્યિક અને ઔદ્યોગિક સંસ્થાઓ, ધાર્મિક સ્થળો, શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, રમતગમત સંકુલો, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, લોકો એકત્રિત થતાં હોય તેવા સભા સ્થળો અને આવી બીજી સંસ્થાઓ મોટી સંખ્યામાં લોકોને આકર્ષે છે અને ત્યાં ગુનાની અને સુરક્ષા અંગેના જોખમની શક્યતાઓ રહેલી હોય છે. નાગરિકોની સલામતી અને સુરક્ષામાં વધારો કરવા માટે રાજ્યમાં મોટી સંખ્યામાં સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલ કરવામાં (લગાડવામાં) આવ્યા છે. જાહેર જનતાની સલામતીમાં વધારો કરવા માટે આવી સંસ્થાઓમાં સલામતીના ચુસ્ત પગલાં લેવા એ તાકીદની જરૂરીયાત છે. ગુજરાત જાહેર સલામતી (પગલાં) અમલીકરણ વિધેયક, ૨૦૨૨-થી, સંસ્થાઓના અમુક વર્ગો માટે સીસીટીવી કેમેરા સીસ્ટમ ઈન્ટોલ કરવા અને પ્રવેશ નિયંત્રણ પગલાં ફરજિયાત કરવાનું ધાર્યું છે. તેનાથી ઉપરના સલામતી પગલાંનું ધોરણ સ્થાપિત કરવાનું ધાર્યું છે અને ફોજદારી કેસોના નિવારણ, શોધ અને તપાસના હેતુ માટે કાયદાની અમલ-બજવણી કરતી એજન્સીઓને વિડિયો ફૂટેજીસ ઉપલભ્ય કરાવવાની પણ જોગવાઈ કરી છે.

આ વિધેયકથી ઉપર્યુક્ત હેતુઓ સિદ્ધ કરવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની કેટલીક અગત્યની જોગવાઇઓ સંક્ષિપ્તમાં સમજાવેલી છે:-

**કલમ ૧.-** આ કલમથી, અધિનિયમની ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૨-.** આ કલમથી, વિધેયકમાં વાપરેલા અમુક શબ્દોની વ્યાખ્યા કરી છે.

**કલમ ૩-.** આ કલમથી, સંસ્થાઓની મુલાકાત લેતાં લોકોની સલામતી અને સુરક્ષા માટે જાહેર સલામતીના પગલાં લેવા માટેની જોગવાઇ કરીને નિભાવવાની આવી સંસ્થાઓની જવાબદારી માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૪.-** આ કલમથી, જાહેર સલામતી સમિતિની રચના અને તેના કાર્યો માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૫.-** આ કલમથી, સમિતિઓએ અધિકૃત કરેલા અધિકારી દ્વારા કોઇ સંસ્થાની જગ્યા (ઇમારતો)ની તપાસ કરવા અંગેની જાહેર સલામતી સમિતિ અથવા જાહેર સલામતી

પેટા-સમિતિની સત્તા માટે જોગવાઇ કરી છે. તપાસ અહેવાલનું પાલન કરવામાં કોઇ સંસ્થાની નિષ્ફળતાના કિસ્સામાં જાહેર સલામતી સમિતિએ લેવાના દંડ માટેની પણ જોગવાઇ કરી છે.

**કલમ ૬.-** આ કલમથી, જાહેર સલામતી સમિતિની ભલામણથી અથવા જાહેર સલામતી સમિતિના દંડ નાખતા હુકમથી નારાજ થયેલ કોઇ વ્યક્તિ અથવા સંસ્થાએ, સંબંધિત હુકમની તારીખથી ત્રીસ દિવસની અંદર, અપીલ કરવાની જોગવાઇ કરી છે.

**કલમ ૭.-** આ કલમથી, એવી જોગવાઇ કરી છે કે આ અધિનિયમની જોગવાઈઓ, તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાની જોગવાઈઓ ઉપરાંતની રહેશે અને તેનાથી, તેનું અલ્પીકરણ થશે નહિ.

**કલમ ૮.-** આ કલમથી, શુદ્ધબુદ્ધિથી કરેલા કાર્યો માટે સામાન્ય ક્ષતિપૂર્તિ માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૯.-** આ કલમથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

**કલમ ૧૦.-** આ કલમથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમના આરંભથી ત્રણ વર્ષની મુદતની અંદર ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા મળે છે.

**હર્ષ સંઘવી,**

## નાણાકીય યાદી

વિધેયકની કલમ ૪ થી, રાજ્ય સરકારને એક અથવા વધુ વિસ્તારો માટે જાહેર સલામતી સમિતિ રચવા માટેની સત્તા આપવા ધાર્યું છે. તેથી, વિધેયકને અધિનિયમિત કરવામાં અને અમલમાં લાવવામાં આવે, તો રાજ્યના એકત્રિત ફંડમાંથી ખર્ચનો સમાવેશ થશે. તેમ છતાં, હાલ, આવા હેતુ માટે ઉપલબ્ધ કરવાની ગ્રાન્ટની ચોક્કસ રકમ નક્કી કરવી શક્ય નથી.

**હર્ષ સંઘવી,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકથી, નીચેની બાબતોના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણી માટેની જોગવાઈ કરી છેઃ-

***કલમ ૧.-*** (૧) આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જે વિસ્તારોમાં અધિનિયમ લાગુ પાડવામાં આવશે તેવા વિસ્તારો મુકરર કરવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આ કલમની પેટા-કલમ (૨) હેઠળ જાહેર કરેલા વિસ્તારોમાં અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

***કલમ ૨.-*** આ કલમના ખંડ (ચ)થી, રાજ્ય સરકારને, સંસ્થાઓમાં પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળોએ અને તેના મુકરર પાર્કિંગ વિસ્તારો ખાતે ઈન્સ્ટોલ કરવામાં આવનાર પ્રવેશ નિયંત્રણ અથવા ક્લોઝ્ડ સર્કિટ ટેલિવિઝન (CCTV) કેમેરા સિસ્ટમ અને ટેકનિકલ સાધનો જેવા જાહેર સલામતીના પગલાં માટેનું વિગતવર્ણન, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

***કલમ ૩.-*** (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને રાજપત્રમાં જાહેરનામાથી, નીચેની બાબતો જાહેર કરવાની સત્તા મળે છે,-

(૧) સંસ્થાઓની મુલાકાત લેતા લોકોની સંખ્યા;

(૨) સંસ્થાઓમાં દૈનિક મુલાકાતીઓની સરેરાશ અવર-જવર (ફૂટફોલ)ની સંખ્યા;

(3) એક જ સમયે એકત્રિત થવાની સંભાવના ધરાવતા લોકોની સંખ્યા.

(૨) આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, જે સત્તાધિકારી, સંસ્થા ચલાવતાં હોય તેવા માલિક અથવા મેનેજર અથવા વ્યક્તિઓ પાસેથી વિડિયો ફૂટેજ પૂરા પાડવા ફરમાવશે, તે સત્તાધિકારી જાહેર કરવાની સત્તા મળે છે.

***કલમ ૪.-*** (૧) આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, જાહેર સલામતી સમિતિના પ્રતિનિધિઓ, તેમના હોદ્દા અને બીજી વ્યક્તિઓની સંખ્યા નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના કાર્યો સિવાયના બીજા કાર્યો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

***કલમ ૯.-*** આ કલમથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

***કલમ ૧૦.-*** આ કલમથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના આરંભથી ત્રણ વર્ષની મુદતની અંદર ઊભી થયેલી કોઇ મુશ્કેલી દૂર કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૨૨મી માર્ચ, ૨૦૨૨.** **હર્ષ સંઘવી.**

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૬.]

ગુજરાત રાજ્યમાંની સંસ્થાઓમાં જાહેર સલામતીના પગલાં લેવા માટે જોગવાઇ કરવા બાબત વિધેયક.

[શ્રી હર્ષ સંઘવી,

રાજ્ય કક્ષાના ગૃહમંત્રીશ્રી]

(સન ૨૦૨૨ના માર્ચ મહિનાની ૨૨મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી.એમ.પટેલ,

સચિવ,

ગુજરાત વિધાનસભા.

**GUJARAT BILL NO. 6 OF 2022.**

**THE GUJARAT PUBLIC SAFETY (MEASURES) ENFORCEMENT BILL, 2022.**


| Clauses | Content | Page No. |
|---|---|---|
| **1.** | Short title, extent and commencement. | 1 |
| **2.** | Definitions. | 2 |
| **3.** | Liability to provide Public Safety Measures. | 2 |
| **4.** | Constitution and functions of Public Safety Committee. | 3 |
| **5.** | Powers of Public Safety Committee or Public Safety Sub-Committee to inspect the premises. | 3 |
| **6.** | Appeal. | 4 |
| **7.** | Saving. | 4 |
| **8.** | Protection of action taken in good faith. | 4 |
| **9.** | Power to make rules. | 4 |
| **10.** | Power to remove difficulties. | 5 |

**THE GUJARAT PUBLIC SAFETY (MEASURES) ENFORCEMENT BILL, 2022.**

**GUJARAT BILL NO. 6 OF 2022.**

***A BILL***

*to provide for the Public Safety Measures at the Establishments in the State of Gujarat.*

WHEREAS it is expedient to provide for the Public Safety Measures at the Establishments in the State of Gujarat and for matters connected therewith or incidental thereto.

It is hereby enacted in the Seventy-third Year of the Republic of India as follows:-

**Short title, extent and commencement.**

**1.** (1) This Act may be called the Gujarat Public Safety (Measures) Enforcement Act, 2022.

(2) It extends to such areas as may be identified and notified by the Government in the *Official Gazette* from time to time.

(3) It shall come into force in such areas as notified under sub-section (2) above from such date or dates as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

**Definitions.**

**2.** In this Act, unless the context otherwise requires,-

(a) "District Magistrate" shall include Additional District Magistrate;

(b) "Government" means the State Government of Gujarat;

(c) "Notification" means a notification published by the Government in the *Official Gazette* and the word "notified" shall be construed accordingly;

(d) "prescribed" means prescribed by rules under this Act;

(e) "Public Safety Measures" means Access Controls or Closed Circuit Television (CCTV) Camera Systems at entry and exit points of the establishments and their designated parking areas by installing,-

(i) Access Controls through physical or technical means or both;

(ii) Closed Circuit Television (CCTV) Camera Systems with a provision for storage of video footage for thirty days;

(iii) The technical equipment,

as per the specifications as may be prescribed.

(f) "Public Safety Committee" means the Committee constituted by the State Government under sub-section (1) of section 4.

**Liability to provide Public Safety Measures.**

**3.** (1) Every owner or manager or the persons running an establishment frequented by such number of people or having such number of average footfalls per day or likelihood of gathering of such number of people at a time as the Government may by notification declare, shall provide and maintain public safety measures for the safety and security of the people visiting such establishments.

(2) Every owner or manager or the persons running such establishment shall save and store video footage properly for a period of thirty days and shall provide the same as and when required by an authority as may be notified by the Government.

**Constitution and functions of Public Safety Committee.**

**4.** (1) The State Government shall constitute the Public Safety Committee for one or more areas for the purposes of this Act.

(2) The Public Safety Committee shall consist of such number of representatives with such designations and such other persons as may be prescribed.

(3) The Public Safety Committee shall identify establishments under the Act, maintain the records of the establishments, may visit the establishments for threat assessment, issue instructions to the establishments regarding the public safety measures and carry out such other functions as may be prescribed.

(4) The Public Safety Committee may constitute such number of Public Safety Sub-Committees under it to assist the Public Safety Committee in the effective implementation of public safety measures.

(5) It shall be obligatory for the establishments to deploy such public safety measures as are ascertained and recommended in writing by the Public Safety Committee, within six months.

**Powers of Public Safety Committee or Public Safety Sub-Committee to inspect the premises.**

**5.** (1) Any officer of the Government duly authorized by the Public Safety Committee or Public Safety Sub-Committee of the area concerned may, at reasonable hours of the day and after giving notice of at least two days, enter into any premises of any establishment for inspection of the installation and submit a report to the Public Safety Committee in case of any default or violation. The Public Safety Committee may issue necessary instructions in writing to the establishment and the same shall be complied within a period of one month.

(2) In case of failure of any establishment in complying with the inspection report, the Public Safety Committee may levy a penalty to the owner or manager or persons running such establishments –

(i) for the first month of default – Rs.10,000;

(ii) for the subsequent months of default– Rs.25,000 per month.

**Appeal.** **6.** (1) Any person or establishment aggrieved by the recommendation of the Public Safety Committee under sub-section (3) of section 4 or the order of the Public Safety Committee imposing penalty under sub-section (2) of section 5 within thirty days from the date of concerned order may prefer appeal to the District Magistrate.

(2) The District Magistrate may, after giving an opportunity of hearing to the appellant pass such order as he may deem fit.

(3) The establishment shall comply with the orders of the District Magistrate and pay the penalty within thirty days from the date of issue of such orders.

(4) In case any establishment makes default in payment of penalty, the same shall be recovered as an arrear of land revenue.

**Saving.** **7.** The provisions of this Act shall be in addition to and not in derogation of the provisions of any other law for the time being in force.

**Protection of action taken in good faith.** **8.** No suit or legal proceedings shall lie against the members of the Public Safety Committee or the Public Safety Sub-Committee or any member of such Committee or the District Magistrate in respect of anything which is done or intended to be done in good faith under this Act or any rules made thereunder.

**Power to make rules.** **9.** (1) The State Government may, by notification, make rules for carrying out the purposes of this Act.

(2) In particular and without prejudice to the generality of the foregoing power, such rules may be made to provide for all or any of the matters expressly required or allowed by this Act to be prescribed by rules.

(3) All rules made under this section shall be laid for not less thirty days before the State Legislature as soon as may be after they are made and shall be subject to rescission by the State Legislature or to such modification as the State Legislature may make during the session in which they are so laid or the session immediately following.

(4) Any rescission or modification so made by the State Legislature shall be published in the *Official Gazette*, and shall thereupon take effect.

**10.** (1) If any difficulty arises in giving effect to the provisions of this Act, the State Government may, by an Order published in the *Official Gazette*, make such provisions, not inconsistent with the provisions of this Act, as appear to it to be necessary or expedient for removing the difficulty**:** **Power to remove difficulties.**

Provided that no such order shall be made under this section after the expiry of three years from the commencement of this Act.

(2) Every order made under this section shall be laid as soon as possible, after it is made, before the State Legislature.

## STATEMENT OF OBJECTS AND REASONS

Gujarat has witnessed rapid industrialization, urbanization and expansion of business activities. The commercial and industrial establishments, religious places, educational institutions, hospitals, sports complexes, railway stations, bus stations, places of organized congregations and such other establishments attract a large number of people and they are vulnerable to crime and security threat. A large number of CCTV Cameras have been installed in the State to improve the safety and security of the citizens. There is an urgent need for strengthening the safety measures in such establishments to enhance safety of general public. The Gujarat Public Safety (Measures) Enforcement Bill, 2022 seeks to make it mandatory for the installation of CCTV Camera Systems and Access Control Measures for certain category of establishments. It also seeks to standardise the above safety measures and provide access to video footages to law enforcement agencies for the purpose of prevention, detection and investigation of criminal cases.

This Bill seeks to achieve the aforesaid purposes.

The following notes on clauses explain, in brief, the important provisions of the Bill:-

***Clause 1.-*** This clause provides for short title, extent and commencement of the Act.

***Clause 2.-*** This clause defines certain terms used in the Bill.

***Clause 3.-*** This clause provides for the liability of the Establishments to provide and maintain public safety measures for the safety and security of the people visiting such establishments.

***Clause 4.-*** This clause provides for constitution and functions of Public Safety Committee.

***Clause 5.-*** This clause provides for the powers of Public Safety Committee or Public Safety Sub-Committee to inspect the premises of any establishment by an officer authorized by such

committee. It also provides for the penalty to be levied by the Public Safety Committee in case of failure of any establishment in complying with the inspection report.

***Clause 6.-*** This clause provides for the appeal to be preferred by any person or establishment aggrieved by the recommendation of the Public Safety Committee or the order of the Public Safety Committee imposing penalty within thirty days from the date of concerned order.

***Clause 7.-*** This clause provides that the provisions of the Act shall be in addition to and not in derogation of the provisions of any other law for the time being in force.

***Clause 8. -*** This clause provides for usual indemnity for acts done in good faith.

***Clause 9.***- This clause empowers the State Government to make, by notification in the *Official Gazette*, rules for carrying out the purposes of the Act.

***Clause 10.-*** This clause empowers the State Government to remove, by notification in the *Official Gazette*, difficulties arising within a period of three years from the commencement of the Act.

**HARSH SANGHAVI,**

**FINANCIAL MEMORANDUM**

*Clause* 4 of the Bill seeks to empower the State Government to constitute the Public Safety Committee for one or more areas. Hence, the Bill, if enacted and brought into force would involve expenditure from the Consolidated Fund of the State. However, at present, it is not possible to ascertain the exact amount of grant to be made available for such purpose.

**HARSH SANGHAVI,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill provides for delegation of legislative powers in the following respects:-

***Clause 1.-*** (i) Sub-clause (2) of this clause empowers the State Government to identify, by notification in the *Official Gazette,* the areas to which the Act shall be extended.

(ii) sub-clause (3) of this clause empowers the State Government to appoint, by notification in the *Official Gazette,* the date on which the Act shall come into force in the areas as notified under sub-clause (2) of this clause.

***Clause 2.-*** Sub-clause (e) of this clause empowers the State Government to prescribe by rules, the specifications for the public safety measures such as Access Controls or Closed Circuit Television (CCTV) Camera Systems and technical equipment to be installed at entry and exit points of the establishments and their designated parking areas.

***Clause 3.-*** (i) Sub-clause (1) of this clause empowers the State Government to declare, by notification in the *Official Gazette,* -

(a) the number of people who frequented the establishments;

(b) the number of average footfalls per day of the establishments;

(c) the number of people likely to be gathered at a time.

(ii) Sub-clause (2) of this clause empowers the State Government to notify the authority who shall require the video footage from the owner or manager or the persons running the establishment

***Clause 4.-*** (i) Sub-clause (2) of this clause empowers the State Government to prescribe by rules, the number of the representatives, their designations and the other persons of the Public Safety Committee;

(ii) sub-clause (3) of this clause empowers the State Government to prescribe by rules, the functions other than the functions as specified therein.

***Clause 9.***- This clause empowers the State Government to make, by notification in the *Official Gazette*, rules for carrying out the purposes of the Act.

***Clause 10.*-** This clause empowers the State Government to remove, by notification in the *Official Gazette*, difficulties arising within a period of three years from the commencement of the Act.

The delegation of legislative powers, as aforesaid, is necessary and is of a normal character.

**Dated the 22nd March, 2022.** **HARSH SANGHAVI.**

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 6 OF 2022.**

***A BILL***

*to provide for the Public Safety Measures at the Establishments in the State of Gujarat.*

**[ SHRI HARSH SANGHAVI,
MINISTER OF STATE FOR HOME]**

**(As published in the Gujarat Government Gazette of the 22nd March, 2022)**

**D.M.PATEL,**

**Secretary,**

**Gujarat Legislative Assembly.**